## શ્રાવણ માસમાં શિવાલયો ગુંજશે

મહેસાણા, તા.૫

આગામી તા. ૭ ઓગષ્ટથી પવિત્ર શ્રાવણમાસનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ઠેર ઠેર શિવાલયોમાં ધાર્મિક મહોત્સવોનું આયોજન થયેલ છે. હિન્દુઓમાં શ્રાવણ મહિનાનું અનેરું મહત્વ છે. આ માસ દરમિયાન સુપ્રસિધ્ધ શિવ મંદિરો તેમજ અન્ય શિવાલયોમાં શ્રાવણોત્સવની ધામધૂમથી ભકિતભાવ પૂર્વક ઉજવણી થાય છે.

મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ દેવાધિદેવ મહાદેવના મંદિરોમાં ભજન સત્સંગ, કથા, કીર્તન, ઋદ્અભિષેક, પંચામૃતાભિષેક, રૂદ્રાભિષેક, લઘુરૂદ્રાભિષેક દ્વારા આરાધના કરવામાં આવશે. કેટલાક સ્થળોએ ભાગવતકથાનું પણ આયોજન કરાયું છે. શ્રાવણ માસ દરમિયાન ભકતો શિવજીને રીઝવવા, કૃપા મેળવવા શિવલીંગ પર દૂધની ધારા કરીને અને બીલીપત્રો ચડાવીને પૂજા અર્ચના કરશે જેના કારણે મંદિરોમાં ભકતોની મોટી ભીડ જામશે.

કેટલાક મંદિરોને વિવિધ રોશનીથી સજાવવામાં આવ્યા છે. આ સિવાય મંગલ પાવન દિવસોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્વામિનારાયણ મંદિરોમાં કલાત્મક દર્શનીય હિંડોળા દર્શન ઝાંકી, શણગાર કરાશે. આમ શાંતિ અને ભકિતના સુમેળભર્યા વાતાવરણમાં સમર્થ ભોલેનાથનો ઉત્સવ અનોખી રીતે ઉજવાશે.

# તાજપુર કેમ્પ પંથકનો પુલ જર્જરિત થતા ભારે વાહન માટે બંધ કરાયો

તલોદ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ખાતેની મેશ્વો નદીના જોખમી ભાસતા પુલને મોટા વાહન માટે બંધ કરી દેવામાં આવતા અને તે વાહનોનો ટ્રાફિક અન્ય માર્ગોએ વાળતાં સંખ્યાબંધ રોડ માર્ગોની હાલત પણ કફોડી બની છે. તેવા માર્ગો અતિ ભારે વાહન વ્યવહારના સતત મારથી તહસનહસ બની જવાની અને તેની સાથે જોડાયેલા સંખ્યાબંધ ગામોનો સંપર્ક તૂટી જવાની પણ દહેશત પેદા થઈ છે. સરકારનું માર્ગ અને મકાન તંત્ર જો આ ડાયવર્ઝનના માર્ગોની દરકાર નહિ રાખે તો તે માર્ગોનું નિકંદન નીકળી જશે અને આ માર્ગો વાહન વ્યવહાર અને સમગ્ર ટ્રાફિક માટે ભારે જોખમી બની જશે તેમ તેની કફોડી બની જતી હાલત પરથી માની શકાય તેમ છે.

તાજપુર કેમ્પ પંથકનો પુલ જર્જરિત બની જોખમી બનતાં તેના માર્ગને મોટા વાહન માટે બંધ કરી દઈને તેની ઉપરથી જતો કેટલોક ટ્રાફિક તલોદથી સલાટપુર, જવાનપુર થઈને બડોદરા-પનાપુરના પુલના માર્ગે વાળવામાં આવ્યો છે. દહેગામ, અમદાવાદ, ગાંધીનગરથી રાત દિવસ જતો આવતો આ લોડીંગ ટ્રાફીક દહેગામથી તેનપુર થઈ રોઝડ તરફના માર્ગે વાળવામાં આવ્યો છે. સરકારનું માર્ગ મકાન તંત્ર આ માર્ગને યોગ્ય માવજત નહિ કરે તો આ માર્ગ સંપૂર્ણ પણે બંધ કરી દેવાની સ્થિતિ પેદા થશે તેવી દહેશત ધમધમતા ટ્રાફિકના એકધારા મારથી પ્રજાને મન પેદા થઈ છે. તેનપુરથી બડોદરા સુધીના ગામનો વ્યવહાર તલોદ સાથે સંકળાયેલો છે જેને ઠપ્પ થઈ જવાની નોબત ન આવે તે માટે તંત્ર સક્રીય રહે તે જનહિતમાં આવશ્યક છે.

દહેગામ, હરસોલ-તલોદના માર્ગ ઉપથી રાત દિવસ દોડતો ટનબંધ ભારે વાહનોનો ટ્રાફિક-સલાટપુરથી જવાનપુર થઈ બડોદરા પુલના માર્ગેથી રોજડ, ધનસુરા, બાયડ અને મોડાસા તરફના માર્ગે વાળવામાં આવ્યો છે.

મેશ્વો નદીના પુલની માવજત બાબતે બેદરકારી દાખવનાર તંત્ર આ રોડ માર્ગો બાબતે પણ બેદરકારી દાખવશે તો આ તમામ માર્ગો વાહન વ્યવહાર માટ બંધ કરી દેવાની નોબત આવશે અને તેથી કરીને આમ પ્રજા નાહકની અસહ્ય ઉપાધિનો ભોગ બનશે તેવી દહેશત એક શિક્ષિત ખેડૂત પરિવારે પણ વ્યકત કરી હતી. આ હકીકતને તાલુકા ધારાસભ્ય અને અનેક અગ્રણીઓએ તથા વિદ્યાર્થીઓએ પણ સમર્થન પુરું પાડેલ છે.

# હિંમતનગરમાં સગીરાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં રવિવારે વહેલી સવારે એક સગીરાએ કોઈ અગમ્ય કારણોસર ઘરમાં પંખા સાથે લટકી આત્મહત્યા કરી હતી. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ગોપાલભાઈ ગિરધારીલાલ સોનગરાએ જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ મોતીપુરા વિસ્તારમાં આવેલી શારદાકુંજ સોસાયટીના ૧૬૭-બી મકાનમાં રહેતા રાજેન્દ્રભાઈ ગોપાલભાઈ સોનગરાના ઘરમાં રાજેન્દ્રભાઈની સગીર ૧૭ વર્ષીય દીકરી રીધ્ધિબેને કોઈ અગમ્ય કારણોસર રવિવારે વહેલી સવારે ઘરમાં પંખા સાથે લટકી જઈને ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસમથકના અજમાઈશી નાયબ પોલીસ અધિક્ષક-ભક્તિબા ડાભી, પીઆઈ. જે. એમ. આલ સહીત સ્ટાફ સ્થળ પહોંચી ગયા હતા અને પંખે લટકેલ લાશને ઉતારી પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલમાં મોકલી આપી હતી.



જી.ડી. મોદી આર્ટસ કોલેજના પુર્વ આચાર્ય અને કેમ્પસ ડાયરેકટર ડો. ગીરીશભાઈ ઠાકરને સોમનાથ યુનિવર્સિટી દ્વારા વિધા વાચસ્પતીની પદવી મળતા તેઓનો સન્માન સમારોહ આજરોજ પાલનપુર ખાતે યોજાયો હતો. પાલનપુર શહેરની જાણીતી સંસ્થા જી.ડી. મોદી વિદ્યાસંકુલના કેમ્પસ ડાયરેકટર અને ગુરૂના હુલામણા નામ તરીકે જાણીતા ડો. ગીરીશભાઈ ઠાકરને શિક્ષણ ક્ષેત્રે તેમજ સંસ્કૃત ભાષાના સંવર્ધનમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં વિદ્યા વાચસ્પતીની માનદ પદવી એનાયત કરવામાં આવતા આજરોજ બનાસકાંઠા ડિસ્ટ્રીક કેળવણી મંડળ દ્વારા સંકુલમાં તેઓનો સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જ્યાં સંસ્થા દ્વારા ગુરૂનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિ. પાટણના કુલપતિ હેમીક્ષાબેન રાવ, પુર્વ કુલપતિ કુલીનચંદ્ર યાજ્ઞીક, બનાસકાંઠા કેળવણી મંડળના પ્રમુખ સીરીષકુમાર મોદી, ટ્રસ્ટી વિક્રમભાઈ મહેતા સહિત વિવિધ કોલેજોના આચાર્ય, પ્રોફેસરો તેમજ શહેરના પ્રબુધ્ધ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સુધાત્મ સાગરજી મુનિ મહારાજ અકાળે નિધન થતા જૈન સમાજ શોક મગ્ન

તલોદ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતે આવી વસેલા અને દિગંબર જૈન સમાજના મુનિપંથી ધાર્મિક પરિવારોને ભકિતરસની મુલ્યવાન વાણીનો વર્ષો સુધી લાભ આપી ચુકેલા સ્વ. કોદરલાલ જીવરાજ શાહ (ઉજેડીયાવાળા)ના પનોતા પુત્ર વિનુભાઈ શાહ કે જેઓ જીંદગીના અસ્તાચળે 'સુધાત્મસાગરજી મુનિ મહારાજ' તરીકે ઓળખ પામ્યા હતા તેઓનું ગત તા. ૨૭-૭-૨૦૧૩ શનિવારના રોજ મહારાષ્ટ્રના સાંગલી તાલુકાના અંકલી ગામ પંથકમાં વિશાળ મુનિ મહારાજશ્રીઓની ઉપસ્થિતિમાં જ નિધન થવા પામેલ છે. તેઓના નિધનના સમાચારથી સાબરકાંઠા જિલ્લાના દિગંબર જૈન સંપ્રદાયની વસ્તીવાળા તલોદ, ઉજેડીયા, પ્રાંતિજ, ફતેપુર, સુરત, વડોદરા અને અમદાવાદ ખાતેના સંકલિત દિ. જૈન પરિવારોમાં એક ધર્મનિષ્ઠ મુનિ મહારાજ ગુમાવ્યાની પ્રતિતિ થવા પામી હતી.

વિનુભાઈ શાહ બે દિકરા અને ધર્મપત્નિ સહિતના સુખી સંપન્ન પરિવારના મોભી હતા. પરંતુ સમયાંતરે તેઓએ ધન-દોલત અને સંસારની મોહમાયાનો ત્યાગ કરી ધર્મ અને કર્મના રાહ ઉપર વિચરવાનો સંકલ્પ કર્યો હતો. જેને સાકાર કરવા સને ૨૦૧૧ના નવેમ્બર માસની ૨૦ તારીખે તેઓએ સાંગલી તાલુકાના ઉદગાંવ ખાતે પ્રથમ શુલ્લક દિક્ષા ગ્રહણ કરી હતી ત્યારથી તેઓની ઓળક મલયસાગરજી તરીકે થવા પામી હતી. બાદ સતારા તાલુકાના નાંદગિરિ ખાતે એલક દિક્ષા ગ્રહણ કરી હતી તે દિવસ હતો અને ૨૦૧૨ના મે માસની ૨૫ તારીખ શુક્રવારનો.

સમયાંતરે મુનિ દિક્ષા અંગીકાર કરવાનો સમય પ્રાપ્ત થતાં તેઓ સને ૨૦૧૨ના જુલાઈ માસની ૨૫ તારીખને બુધવારના રોજ ઉદગાંવ ખાતે પૂ. સુનિલસાગરજી મુનિ મહારાજની નિશ્રામાં મુનિ દિક્ષાનો અંગીકાર કર્યો હતો. બસ ત્યારથી તેઓની વંદનીય પ્રતિભા સુધાત્મસાગરજી મુનિ મહારાજ તરીકે ઓળખ પામી હતી. જે આધારે તેઓએ અનેક સ્થળોએ વિહાર કરીને જૈન ધર્મના અહિંસાના પરમો ધર્મને ભાવિક પરિવારો સુધી પહોંચાવાનો પ્રેરણાદાયી અને પ્રશંસનીય પ્રયાસ હાથ ધરીને માનવધર્મ નિભાવવા જહેમત ઉઠાવી હતી. જેઓ ગત તા. ૨૭-૭-૨૦૧૩ શનિવારના રોજ સાંગલી તાલુકાના અંકલી મુકામે કાળધર્મ પામ્યા હતા.

અંકલી ગામ ખાતે આચાર્ય મુનિ મહારાજ સહિતના મુનિ મહારાજશ્રીઓની ઉપસ્થિતિ હતી જયાં મુનિશ્રીઓના શરણમાં મસ્તક ઝુકાવી વંદન કરતાં કરતાં જ તેઓએ આ ફાની દુનિયાને અલવિદા કરી લઈને પ્રાણ ત્યજી દીધા હતા.

# ઊંઝા શહેરમાંથી મહિલાના ગળામાંથી દોરો તૂટયો

ઊંઝા, તા. ૫

ઊંઝા શહેરમાં સવારના સમયે પુત્રને શાળામાં મુકવા માટે જઈ રહેલ મહિલાના ગળામાંથી બાઈક પર આવેલ બે શખ્સો પૈકી એક શખ્સે સોનાના દોરાની ચિલઝડપ કરતાં દોરાના ટૂકડા થતાં ચાર ગ્રામ વજનનો ટૂકડો લઈને બાઈક પર ફરાર થઈ ગયો હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં શહેરમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ સૌંદર્યપાર્ક સોસાયટીમાં રહેતા કાલ્ગુનીબેન રાકેશકુમાર પટેલ સવારના સમયે સ્કૂટી પર પોતાના દિકરાને શાળાને મુકવા માટે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં શંભુપાર્ક સોસાયટી આગળ પાછળથી બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો પૈકી પાછળથી બેઠેલા શખ્સે અચાનક સ્કૂટી હંકારીને જતી મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચિલઝડપ કરી હતી. આથી હાથમાં ચાર ગ્રામ વજનના સોનાના દોરાનો ટૂકડો આવી જતાં તે લઈને બાઈક પર ક્યાંક નાસી છૂટ્યા હતા.

દરમિયાન સવારના સમયે રહેણાંકની સોસાયટીઓવાળા ભરચક એવા વિસ્તારમાં ચેઈન સ્નેચિંગના બનાવથી મહિલાઓ ભયભીત બની ગઈ હતી. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



પવિત્ર રમજાન માસ અંતિમ તબક્કામાં પસાર થઈ રહ્યો છે. મુસ્લીમ બિરાદરો રોજા રાખી ઈબાદતમાં મશગૂલ છે. રમજાન માસ દરમ્યાન ઈફતાર પાર્ટીઓ યોજાઈ રહી છે. હિંમતનગરના અશરફનગર ખાતેના ગરીબ નવાજ હોલમાં આઝાદ એજ્યુકેશન એન્ડ વેલ્ફર ટ્રસ્ટ દ્વારા ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રફીક ગાજીપુરવાલા, બિલાલ મેમણ, યુસુફભાઈ બચ્ચા, આબીદ સૈયદ, આરીફ વિજાપુરા, મુદસર વિજાપુરા, ઈદરીશ મનસુરી, જિલ્લા યુવા પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, ઈકબાલખાન પઠાણ, મહેબુબ મંજીલ, બલવંતસિંહ દેવડા, કાલુમીયાં શેખ, લીયાકત મેન્ડીસ, ઐયુબખાન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરના શિવાલયોમાં પવિત્ર શ્રાવણ માસનું કાઉન્ટ-ડાઉન શરૂ

હિંમતનગર, તા. ૫

પવિત્ર શ્રાવણ માસ શરૂ થવા આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે અને કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે શિવ ભક્તોમાં ઉત્સાહ માતો નથી. જિલ્લાના શિવ મંદિરોમાં ભક્તોના ઘસારાને પહોંચી વળવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આખોય જિલ્લો શીવમય બનવા તરફ જઈ રહ્યો છે ત્યારે મહાદેવના નાદથી અવિરત પણે ગુંજતા રહેશે.

દેવોના દેવ સર્વોપરી દેવ મહાદેવ તમામ કષ્ટોને દૂર કરે છે. તેમને પ્રસન્ન કરવા ઝાઝા યત્ન કરવાની જરૂર રહેતી નથી. કદાચ એટલે જ ભોળા શંભુ તરીકે ઓળખાય છે. હિન્દુ શાસ્ત્રોમાં શ્રાવણ માસનું અનેરૂ મહાત્મ્ય છે. શ્રાવણ માસ દરમિયાન ભગવાન શિવની પૂજા અર્ચના અને આરાધના કરવામાં આવે છે. શિવને અલગ અલગ પ્રકારે અલગ વસ્તુઓથી અભિષેક કરીને વિવિધ સમસ્યાઓ અને કષ્ટોથી છૂટકારો મેળવી શકતો હોવાથી અતુટ શ્રદ્ધાને પગલે શિવભક્તો આખાયે શ્રાવણમાસ દરમિયાન ભગવાન શીવની આરાધના કરે છે. માત્ર બીલીપત્ર અને દૂધ-જલના અભિષેક અને સાચા હૃદયની ભગવાન શિવનું નામ માત્ર લેવાથી ભોળા શંભુ ભક્તો ઉપર રીઝી જાય છે. પવિત્ર શ્રાવણ માસનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. જિલ્લાના શિવાલયોને સજાવવાની તડામાર તૈયારીઓ લગભગ પૂર્ણતાને આરે છે. બદલાતા સમયની સાથે સાથે ભગવાન શિવને રીઝવવા જરૂરી તમામ પૂજા સામગ્રી આખાયે શ્રાવણ માસ દરમિયાન મળી રહે તે માટેના આયોજન થઈ રહ્યા છે. તેમાંય બીલીપત્રની માંગ સૌથી વધુ રહેતી હોવાને કારણે અત્યારથી જ તેનુ એડવાન્સ બુકીંગ શરૂ થઈ ગયું છે. પવિત્ર શ્રાવણ માસની શરૂઆત આડે ગણત્રીના કલાકો બાકી રહ્યા છે ત્યારે શિવભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સમગ્ર માસ દરમિયાન જિલ્લામાં ભક્તિમય વાતાવરણ સ્થપાવા જઈ રહ્યું છે. આખાયે માસ દરમિયાન શિવ મંદિરોમાં હર હર મહાદેવ અને બમબમ ભોલેનો નાદ ગુંજી ઉઠશે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૬૦ | ૮૩૫ |
| એરંડા | ૬૭૫ | ૬૮૪ |
| ઘઉં | ૩૦૮ | ૩૩૫ |
| બાજરી | ૨૬૧ | ૨૯૧ |
| ગવાર | ૯૫૦ | ૧૦૫૫ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૨૭૬ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૫ | ૮૨૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૧૫ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૪૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૨૫ |
| ઘઉં | ૩૧૨ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૩૬૫ |
| ગવાર | ૮૦૦ | ૯૫૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૨ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૨ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૯૦ |
| બાજરી | ૨૪૫ | ૨૭૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૨૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૬ |
| મગફળી | ૭૪૦ | ૭૭૦ |
| ગવાર | ૮૬૦ | ૧૦૮૭ |
| ચણા | ૭૦૦ | ૭૫૧ |
| મગ | ૫૫૦ | ૬૦૦ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| બાજરી | ૨૪૫ | ૨૫૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ગવાર | ૯૦૦ | ૧૦૮૦ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૯ | ૨૮૦ |
| ઘઉં | ૨૯૧ | ૩૧૯ |
| ડાંગર | ૨૭૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૭ | ૬૮૦ |
| ગવાર | ૭૫૦ | ૯૭૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૮૦ |
| રાયડો | ૫૫૦ | ૫૭૫ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૫ | ૨૭૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૫ | ૨૮૫ |
| ગવાર | ૭૨૫ | ૯૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૫૮૦ |
| જુવાર | ૨૯૦ | ૩૭૦ |
| રાયડો | ૫૩૦ | ૫૭૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૪૪ |
| એરંડા | ૬૬૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૮ | ૪૧૧ |
| બાજરી | ૨૧૦ | ૨૬૯ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૭૫૦ | ૧૦૯૦ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૦૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૦ |
| એરંડા | ૬૭૦ | ૬૭૯ |
| એરંડા | ૨૪૦ | ૨૬૦ |
| મગફળી | ૬૮૦ | ૮૬૧ |
| ગવાર | ૮૫૦ | ૮૮૫ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૪ | ૩૫૬ |
| બાજરી | ૧૯૦ | ૨૮૭ |
| એરંડા | ૬૭૨ | ૬૮૨ |
| રાયડો | ૫૮૫ | ૬૦૦ |
| રાજગરો | ૧૦૯૦ | ૧૧૫૧ |
| મગફળી | ૫૦૦ | ૮૩૨ |
| ગવાર | ૭૫૧ | ૧૦૬૬ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૬૦ | ૬૦૬ |
| એરંડા | ૬૫૦ | ૬૯૭ |
| ગવાર | ૯૦૦ | ૧૦૪૪ |
| ઘઉં | ૨૮૦ | ૩૬૩ |
| બાજરી | ૧૬૦ | ૨૭૫ |
| જુવાર | ૨૬૦ | ૫૯૭ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| જવ | ૨૩૫ | - |
| ઘઉં | ૨૮૮ | ૩૪૪ |
| રાયડો | ૫૭૦ | ૬૦૫ |
| સવા | ૬૨૩ | ૬૫૮ |
| બાજરી | ૨૨૪ | ૨૯૯ |
| એરંડા | ૬૬૦ | ૬૮૫ |
| ગવાર | ૭૮૦ | ૧૦૮૦ |
| બંટી | ૩૮૩ | - |
| રજકાબી | ૨૨૦૧ | ૨૮૪૦ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૯ | ૩૩૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| એરંડા | ૬૬૨ | ૬૭૦ |
| ગવાર | ૧૦૦૫ | ૧૦૧૯ |

**જોટાણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૪ | ૩૫૦ |
| એરંડા | ૬૬૩ | ૬૭૦ |
| રાયડો | ૫૭૦ | - |
| બાજરી | ૨૦૦ | ૨૪૧ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૨ | ૩૫૦ |
| એરંડા | ૬૬૧ | ૬૭૫ |
| બાજરી | ૨૩૦ | ૨૮૮ |
| ડાંગર | ૨૬૫ | ૩૨૦ |
| ગવાર | ૧૦૨૪ | ૧૦૩૦ |
| જુવાર | ૨૯૬ | ૩૫૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૫૦ | ૨૩૭૦ |
| વરીયાળી | ૮૫૦ | ૧૩૨૫ |
| બંટી | ૩૦૦ | ૩૮૨ |
| એરંડા | ૫૨૫ | ૬૨૨ |
| એરંડા | ૬૪૦ | ૬૮૨ |
| ઘઉં | ૨૯૭ | ૩૬૯ |
| જુવાર | ૨૫૦ | ૬૫૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૬ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૪૦ | ૨૫૮૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૫૬૦ |
| ઈસબગુલ | ૧૨૪૧ | ૧૩૬૧ |
| રાયડો | ૫૪૭ | ૬૮૩ |
| મેથી | ૫૨૭ | - |
| તલ | ૧૬૮૦ | ૨૧૫૨ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૪૦ | ૨૨૫ |
| બટાટા ડીસા | ૧૭૦ | ૨૫૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૫૦૦ | ૫૮૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૫૮૦ | ૬૫૦ |
| રીંગણ | ૩૦૦ | ૭૦૦ |
| રવૈયા | ૪૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| ફુલાવર | ૨૦૦ | ૪૦૦ |
| ટામેટા પાકા | ૩૪૦ | ૫૬૦ |
| દૂધી | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચાં દેશી | ૨૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૬૦ |
| મરચા ધોલાર | ૪૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૫૦ |
| ભીંડા | ૩૦૦ | ૯૦૦ |
| ગવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| ચોળી | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601